

# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. જેનમાં સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થતા આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયો સુધી વિસ્તર્યો છે

**August 2024 | Issue No. 57 | A monthly newsletter**

સ્નેહી વાચક મિત્રો, પ્રભાત એજ્યુકેશન દ્વારા સમાવેશી સમુદાય માટે પ્રભાત દ્વારા થતી પ્રક્રિયાઓને અહી રજુ કરી છે. જેમાં બાળકો તથા સમુદાય સાથેના સમૃદ્ધ અનુભવનો આપ અહેસાસ કરી શકશો.

અમને આ સફરમાં સતત મળી રહેતા આપના પ્રોત્સાહન માટે આભાર...

## અલીશાનું આંગણવાડીના માધ્યમથી સમાવેશી માટે પ્રથમ પગલું...

નાની નાની પ્રવૃતિઓ કરવામાં તેને આવતી મજા આપણે એના ચહેરા પર સ્પષ્ટ જોઈ શકીએ. ઉત્સ્કુતા ભરેલી આંખો અને ચહેરા પર સ્મિત સાથે અલીશામાં આવતા નાના નાના બદલાવો તેના પરિવાર માટે જાણે મોટી સિદ્ધિ બની ગયા છે.



4 વર્ષની અલીશા શેખ સેરેબ્રલ પાલ્સી બાળક છે. એક વર્ષથી પ્રભાતના વટવા સેન્ટર પર તેની માતા અફસાના બહેન સાથે નિયમિત આવે છે. શરૂઆતમાં તેનું નેક કંટ્રોલ ન હતું, બેસી શકતી ન હતી. માત્ર સુઈ રહેતી હતી. અફસાના બહેનને સતત એ જ ચિંતા સતાવ્યા કરતી કે, આલિશા જિંદગીભર આમ પથારીમાં જ રહેશે? પણ તેમણે ચિંતા ની સાથે પ્રયાસો કરવાનું ન છોડ્યું.

એક વર્ષ પહેલા જ અલીશાએ પ્રભાતના વટવા સેન્ટરમાં પ્રવેશ લીધો અને સંસ્થાના અભિગમ મુજબ, તેનું વ્યક્તિગત આયોજન અને તે મુજબની પ્રવૃતિઓ તેની સાથે શરુ થઇ. ફીઝીયોથેરાપીમાં નિયમિતતાને લીધે ટૂંકા સમયમાં પરિણામ દેખાવા લાગ્યું. 6 મહિના બાદ તેનું નેક કંટ્રોલ થયું અને સાથે તે પોતાની જાતે ટટાર બેસી પણ શકી. હાથની ફિઝીયોથેરાપીને લીધે તે વસ્તુને હાથથી પકડવા લાગી. પહેલા ચાવી ના શકતી તે હવે જમવા પણ લાગી હતી. શારીરિક રીતે થયેલ આ બદલાવથી ઘરના સભ્યો ખુબ જ ખુશ છે. જે શરૂઆતમાં ચિંતા હતી તે આજે ઘણેઅંશે ઓછી થઇ છે. અને હવે અલીશા માટે તેઓ વધુ મહેનત કરી તેની વિકાસની સફરમાં વધારે મક્કમ બની ગયા છે.



પ્રભાત દ્વારા અલીશાને આંગણવાડીમાં પ્રવેશ માટે તૈયાર કરવામાં આવી. પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને બાળકો સાથે તે સમૂહમાં બેસી શકે તે રીતે તેની સાથે તેને પ્રવૃતિઓ કરાવવામાં આવી. સાથે તેના પ્રવેશ માટે નજીકની આંગણવાડીમાં જરૂરી પ્રક્રિયાઓ પણ થઇ. આ પ્રયાસોને અંતે અલીશા શાકભાજી -ફ્રુટની ઓળખ, રીંગટાવર દ્વારા રંગની ઓળખ કરતી થઇ અને બાળકો સાથે બેસવા પણ લાગી. આંગણવાડીમાં પણ પ્રવેશની પ્રક્રિયા ટીમ સફળતાપૂર્વક કરી શકી. પરંતુ અહી પ્રવેશ મળવાથી પ્રભાતની ભૂમિકાને પૂર્ણવિરામ નથી લાગતું. સંસ્થાના અભિગમ મુજબ બાળક નવા વાતાવરણમાં અનુકુલન સાધી શકે તે માટે અમુક દિવસ આંગણવાડી અને અન્ય દિવસોમાં તેને સેન્ટર લાવવામાં આવે છે. અહી તેની નિશ્ચિત થયેલ ફિઝીયોથેરાપી અને પ્રવૃત્તિઓ તેની સાથે કરાવવામાં આવે છે. અલીશા પણ અઠવાડિયામાં બે દિવસ આંગણવાડી અને અન્ય દિવસોમાં સેન્ટર પર હોય છે.

આંગણવાડીમાં બાળકની સ્વીકૃતિ પાયાની બાબત હોવાથી ચોક્કસ સમય સુધી પ્રભાતની ટીમ આંગણવાડીમાં બાળક સાથે પ્રવૃતિઓ કરે છે. જેમાં આંગણવાડીના અન્ય બાળકો પણ જોડાય છે. દરેક બાળક એકબીજા સાથે આત્મીયતા અનુભવે છે. સાથે આંગણવાડી કાર્યકરને પણ અહી તાલીમ બાદ, પ્રેક્ટીકલ પ્રવૃતિઓ અને અભિગમની સમજ મળતા તે પણ તૈયાર થાય છે. આમ, પ્રભાત તેના સેન્ટરમાં બાળકને નિશ્ચિત સ્તર સુધી તૈયાર કરે છે જ્યાંથી બાળકની મુખ્યધારામાં જોડવાની સફરની શરૂઆત થાય છે. ચોક્કસ આ સફરમાં મુશ્કેલીઓ, પડકારો હોય છે. પણ બાળકના વાલી જેમ અલીશાની માતાનો હકારાત્મક અભિગમ અને આંગણવાડી કાર્યકરની ઇચ્છાશક્તિ ઘણે અંશે મદદ કરે છે. અલીશાની આ સમાંવેશી સફરની શરૂઆત માટે પ્રભાત ટીમ અને પરિવારને શુભેચ્છા..

તૈયાર કરનાર : પરમાર ઉષાબેન

## કાર્યક્રમની ઝલક



**ઉત્સવોની ઉજવણી એટલે સમાવેશી સમુદાય દિશા તરફની દિશા તરફનું ડગલું** : આ મહિનામાં ઉત્સવોની ઉજવણી એ વિશેષ આકર્ષક પ્રવૃત્તિ રહી હતી. સ્વાતંત્ર્ય દિવસ, રક્ષાબંધન અને જન્માષ્ટમી દરેક ઉત્સવોની ઉલ્લાસભેર ઉજવણી સેન્ટર, રિસોર્સ રૂમ, હોમ બેઝ અને આંગણવાડીમાં કરવામાં આવી. બાળક સાથે દરેકને નજીક આવવાનો આ એક અવસર બની જતો હોય છે. જેમ કે, કાંકરિયા શાળાના રિસોર્સ રૂમમાં રક્ષાબંધન પર્વની ઉજવણી પહેલાની પ્રક્રિયા રાખડી બનાવવા માટે રિસોર્સ રૂમના બાળકો સાથે અન્ય વર્ગના બાળકો જોડાયા. એવું જ આંગણવાડીમાં પણ જન્માષ્ટમી, સ્વાતંત્ર્ય દિવસ ની ઉજવણી કરતા એક ઉષ્માભેર માહોલ બન્યો હતો.

ભાઈપુરા સેન્ટર માટે તો આ ઉત્સવોનો પ્રથમ અવસર હોવાથી ટીમ તો ઉત્સુક હતી, સાથે વાલી પણ એટલા જ ઉત્સાહથી જોડાતા આ ઉત્સાહ બેવડાઈ ગયો હતો. બાળકોમાંથી જ રાધા કૃષ્ણ બનાવવામાં આવ્યા. મટકીફોડ મસ્તીભેર થયું, વરસાદની વચ્ચે ગરબા પણ રમ્યા. પોતાના બાળકોને આ રીતે આનંદમાં જોતા વાલી પણ ખુશ થઇ ગયા હતા. આ પ્રક્રિયાથી ચોક્કસ વાલી સાથે એક આત્મીયતાનો સંબંધ મજબુત બન્યો હતો. આમ, આ ઉત્સવોથી એકબીજાની સાથે મસ્તી આનંદના અવસરે બાળકમાં સમાનતાના મૂલ્યને વિકસાવવામાં 'બીજ' નું કામ કર્યું હતું.



ઉપરાંત, 15મી ઓગષ્ટના સ્વાતંત્ર્ય દિવસ નિમિતે સ્ટ્રીટ સ્માર્ટની ઉજવણીમાં પ્રભાતના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મુખ્યધારા માટે થનારા આ પ્રકારના કાર્યક્રમના આયોજનમાં વિશિષ્ટ જરૂરીયાત ધરાવતા બાળકોની સહભાગિતા સમાવેશી સમુદાય માટેની બારી ખોલતું બનતું હોય છે.



**સાઈકોલોજીસ્ટ એસેસમેન્ટ**:ભાઈપુરા સેન્ટરના 45 બાળકોનું સાઈકોલોજી અસેસમેન્ટ ડો. માલવ સર દ્વારા કરવામાં આવ્યું. અસેસમેન્ટ બાદ, બાળકના વ્યક્તિગત આયોજન કરવામાં આવશે. પ્રથમ વખત પોતાના બાળકના આ પ્રકારના અસેસમેન્ટથી વાલીઓ ઉત્સુક હતા.



**પ્રથમ વાલી મીટીંગ** : ભાઈપુરા સેન્ટર પર આ પ્રથમ વાલી મીટીંગ કરવામાં આવી હતી. જેમાં 25 વાલીઓ સહભાગી બન્યા હતા. અહી વાલીના અનુભવો, બાળકને લઈને એમના પ્રશ્નો પર ચર્ચા કર્યા બાદ, બાળક સાથે કાર્ય કરવાની પદ્ધતિ વિષે તેમને માહિતગાર કરવામાં આવ્યા. સેન્ટર પર બાળકના સમય સંદર્ભે અને નિયમિતતા બાબતે ચર્ચા કરવામાં આવી હતી. છેલ્લે વાલીઓનું વોટ્સગ્રુપ બનાવીને બાળક સાથે કરવામાં આવતી પ્રવૃતિઓને નિયમિત રીતે અપડેટ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

## હિમાયત (એડવોકસી )



**આંગણવાડી સાથે પ્રક્રિયા** : ભાઈપુરા વોર્ડમાં આ મહીને 23 આંગણવાડીની મુલાકાત કરી 40 વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોનો સર્વે કરવામાં આવ્યો. વાલી સાથે વ્યક્તિગત સંપર્ક કરીને પ્રભાત સંસ્થા વિષે માહિતી અને સેન્ટર વિષે વિગતે વાત કરવામાં આવી.

**અસર** : ભાઈપુરા વોર્ડની આંગણવાડી કાર્યકર સાથેની પ્રભાત વિશેની માહિતીને લઈને પ્રાથમિક બેઠક કરવામાં આવી હતી. જેમાં પ્રભાત વિષે તેમનું ઓરીએન્ટેશન કરવામાં આવ્યું. ખાસ કરીને આંગણવાડીમાં આવતા અને આસપાસના વિસ્તારમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકની ઓળખ માટેની બાબત પર ભાર મુકવામાં આવ્યું હતું.



આ મીટીગના પરિણામ સ્વરૂપે ભાઈપુરા - 4 ના રેખાબેન આંગણવાડી કાર્યકરે તેના વિસ્તારના 10 વાલી સાથે પ્રભાતના ભાઈપુરા સેન્ટર ની મુલાકાત કરી હતી. સેન્સરી, વોકેશનલ, સ્પેશીયલ એજ્યુકેશન જેવી સેન્ટર પરની પ્રવૃતિઓ અને વાતાવરણથી તેઓ પરિચિત થયા.



**ઇન્ટર્નશીપ** : નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ડીઝાઇનના વિદ્યાર્થીઓ દરેક વખતની જેમ આ વખતે પણ ઇન્ટર્નશીપ માટે આવેલ છે. જે અન્વયે તેમના દ્વારા બે પ્રોટોટાઈપ બનાવવાની પ્રક્રિયા થઇ રહી છે. આ માટે ટીમ સાથે બેઠક, વિષય સંબંધિત વાસ્તવિક સમજ લેવા માટે ફિલ્ડ રીસર્ચ માટે સમુદાયની વિઝીટ કરવામાં આવી. ત્યારબાદ, તેમના દ્વારા જે તે પ્રોટોટાઇપને લઈને વિચારોને ટીમ સાથે શેર કરવામાં આવ્યું. જેમાં સેરીબ્રલ પાલ્સી બાળકને સરળતાથી સાથે ચલાવી શકાય તે માટે જેકેટ અને બાળક જે તીવ્ર વિકલાંગતા ધરાવે છે તેમની ન્હાવાના કાર્યને સરળ બનાવવા એક ચેર બનાવવાનું પ્રોટોટાઇપ માટે મોડેલ તૈયાર કરી, ફિલ્ડ માં ટેસ્ટ કરી ઈમ્પ્રુવ કરવા માટેની પ્રક્રિયા કરવામાં આવી રહી છે. આમ, વિશિષ્ટ જરૂરિયાત ધરવતા બાળકો/વ્યક્તિ માટે ડીઝાઇન ક્ષેત્રમાં સમાવેશી અભિગમની વિકસિત કરવા માટે પ્રભાતના અનુભવો અગત્યનો ભાગ ભજવી રહ્યા છે.

## ઘરોબો



**પિતા સાથેની કાર્યશાળા** : પ્રભાત દ્વારા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળક અને પિતાના સંબંધને સમજવાના ભાગ રૂપે થયેલ અભ્યાસ અન્વયે 20 જેટલા પિતાઓ સાથે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પિતા અને બાળકના સંબંધ, પિતાની ભૂમિકા, તેમને આવતી મુશ્કેલીઓની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં તેમણે ખુલ્લી રીતે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. જેના પરિણામે તેમને અવરોધક પરિબળો, અને સંભવિત ઉકેલો કયા હોઈ શકે તે સંબંધે સહભાગી રીતે પ્રક્રિયા કરવમાં આવી હતી. ખાસ કરીને, પિતાની આર્થિક સ્થિતિ અને બાળકને પ્રત્યક્ષ રીતે સમય ન આપી શકવાની બાબતો બહાર આવી તો તેમની માનસિક સુખાકારી જેવા વિષયો પણ બહાર આવ્યા.



**માતા સાથે પ્રેક્ટીકલ તાલીમ** :પ્રભાતના રિસોર્સ સેન્ટર પર આવતા બાળકના સર્વાંગી વિકાસને ધ્યાને રાખીને શરૂઆતના તબક્કામાં માતાને પ્રેક્ટીકલ તાલીમ આપવામાં આવે છે. જેમાં બાળક સાથે કાર્ય કઈ રીતે કરવું તેની વૈજ્ઞાનિક સમજ પરિવારમાં વિકસીત કરવાનો ઉદેશ્ય હોય છે. બાળક નવા વાતાવરણમાં અનુકુલન સાધી શકે તથા સ્વતંત્ર રીતે કાર્ય કરી શકે તે માટે સક્ષમ બનાવવામાં આવે છે. આ તાલીમ બાદ, માતામાં આત્મવિશ્વાસ વધે છે. ઘરના સભ્યોને પણ આ પ્રવૃત્તિના માધ્યમથી બાળકની નજીક આવવાનો અવસર મળે છે. હાલ કાંકરિયા શાળાના રિસોર્સ રૂમ પરઆવતી માતાઓની તાલીમના ભાગરૂપે વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવી. જેમાં દરેક માતાએ પોતાના બાળક સાથે એ પ્રવૃતિઓ શીખી. જેમ કે, ફ્રી પ્લે એક્ટીવીટી જેમાં બોલ – પાસીંગ , બોલ –થ્રો, જમ્પિંગ વગેરે રમતો રમાડી હતી. આ પ્રવૃત્તિ દરમ્યાન બાળક સાથે માતાઓએ પણ હળવાશ નો અનુભવ કર્યો હતો. માતાઓ પણ પોતાના અને બાળક સાથે ગુણવત્તાવાળો સમય અહી પસાર કરી શક્યા.

## સહાયક સેવાઓ

ઓનલાઈન રેલ્વે પાસ માટેના ફોર્મ : 3, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ : 4 , પેન્શન માટેના ફોર્મ : 3 , સાધન સહાય વિતરણ માટે અંધ અપંગ કલ્યાણ કેન્દ્ર – ઘાટલોડિયા સાથે સંકલન કરીને 3 લારી, ગરમ અને ઠંડા પીણાની અલ્પાહાર માટેની છતવાળી 2 લારી, અને 1 પાપડ બનાવવા માટેની કીટનું વિતરણ કરવામાં આવ્યું.

## રિસોર્સ કોર્નર : જાણીએ, શીખીએ અને પોતાને ‘ અપડેટ’ કરતા રહીએ

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્તમાન શાળાઓ અને બોર્ડ સાથે જોડાણ ઇચ્છતી શાળાઓ માટે વિશેષ જરૂરિયાતો ધરાવતા બાળકો માટેની માર્ગદર્શિકા (CwSN) જોગવાઈઓ પ્રદર્શિત કરવામાં આવી છે. જેમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો માટે તેમને અનુકુળ સ્થિતિનું નિર્માણ થાય અને તેઓ અનુકુળ વાતાવરણમાં શિક્ષણ લઇ શકે તેવું સૂચન કરવામાં આવ્યું છે. વધુ માહિતી માટે : https://www.cbse.gov.in/cbsenew/cbse.html